## અયૂબ, ગીતોનું ગીત, સભાશિક્ષક, ગીતશાસ્ત્ર અને નીતિવચનો.

## બાળકોને શિખવનારે અભ્યાસ વાંચી જવો.

**પ્રાર્થના :** અમને શિક્ષણ મળે, ચેતવણી મળે અને અમે તમારી સ્તુતિ કરીએ માટે હે વ્હાલા પ્રભુ તમે હેબ્રી ભાષાના યહુદીઓને જે સુંદર કાવ્યો આપ્યા તેનો ઉપયોગ કરવામાં અમારી સહાય કરો.

**૧. કાવ્ય પુસ્તકોમાંથી શીખવવા માટે પ્રાર્થના અને દેવના વચનની સહાયથી તૈયાર થાઓ.**

પ્રાચીન યહુદી કાવ્યોની બેનમૂન સુંદરતા અને શક્તિ વિષે સમજણ આપો.

- દરેક સંસ્કૃતિના કાવ્યોમાં લીટીના છેડે જે પ્રાસ હોય છે તે મળતા આવે છે. તેમાં રૂપક પણ હોય છે. ચઢતા પ્રાસવાળી લીટીઓનો ખાસ પ્રકાર હોય છે. આવી કવિતાઓનું ભાષાતંર કરવું મુશ્કેલ હોય છે. દેવની ઈચ્છા હતી કે દરેક ભાષાના લોક તેનું વચન સમજી શકે માટે તેણે કાવ્યોનો ખાસ(સરળ) પ્રકાર આપ્યો છે.
- પ્રાચીન યહુદી કાવ્યલેખકોએ કાવ્યની સુંદરતા અને સમતુલાનું એવું માળખુ જાળવ્યું છે કે દરેક ભાષા અને સંસ્કૃતિમાં તે બંધબેસતુ થઈ શકે છે. કેવળ શબ્દો અને પ્રાસ બેસાડવા પૂરતા વાક્યોની મનોહર રચનાને બદલે દેવે આ કાવ્યકારોને એવી પ્રેરણા કરી કે તેઓ પોતાના અર્થપૂર્ણ વિચારો કાવ્યમાં ઢાળી શકે. પોતાના વિચારો રજુ કરતી લીટીઓ બે કે વધારે જૂદી રીતે તેમણે બનાવી છે.
- નીતિ ૧૬:૧૧ સમાંતર પંક્તિઓની સમતુલા ધરાવે છે.
- નીતિ ૧૩:૧ વિરોધાભાસી પંક્તિઓની સમતુલા કરે છે.



*હે આળસુ ઉઠ, કીડીની પાસે જા તેનો માર્ગોનો વિચાર કર અને બુધ્ધિમાન થા. નીતિ ૬:૬*

### નાટકના કાવ્યો-અયૂબ અને ગીતોનું ગીત

**અયૂબ**ના પુસ્તકમાં ઈશ્વર અને તેના ન્યાય વિષે પોતપોતાના અભિપ્રાયમાં તીવ્ર ભિન્નતા ધરાવતા માણસો વચ્ચેનો ઉગ્ર અને હૃદયભેદી વાર્તાલાપ છે. અયૂબ ૧૧માં અયૂબનો મિત્ર સોફાર માણસ તેના પાપોને કારણે દુઃખ ભોગવે છે તેવી જેને હિંદુઓ કર્મ કહે છે, માન્યતા ધરાવવાની સામાન્ય ભૂલ કરે છે.

અયૂબ **૧૧:૧૧-૧૫** માં સોફાર અયૂબ પર જે તહોમત મૂકે છે તે શોધો.

અયૂબ.**૧૨:૧-૩** સોફારની સલાહ બાબતે અયૂબ શું વિચારે છે.તે શોધો.

**ગીતોનું ગીત** આ પુસ્તકમાં જુવાન પ્રેમીઓની ઉષ્મા કાવ્યમય થયેલી છે. જેમાં દેવ અને વિશ્વાસીઓ અને આગળ જતાં પ્રભુ ઈસુ અને તેની કન્યા વચ્ચેનો અરસ પરસનો પ્રેમ દર્શાવવામાં આવેલ છે.

પ્રાચીન ઈસ્ત્રાએલીઓ જે ગીતો ગાતા હતા તે **ગીતશાસ્ત્ર** છે

- બધી ખ્રિસ્તી મંડળીઓમાં ગીતશાસ્ત્રના ગીતો ગવાય છે.
- દાઉદ રાજા,તેની ભજનમંડળીનો આગેવાન આસાફ અને બીજા ગીતકારોએ પોતાના ગીતોમાં દેવ પ્રત્યે ઊંડા હૃદયની સ્તુતિ,પ્રાર્થના,ગુસ્સો,આભારવશતા,ફરિયાદો,આશા,હતાશા અને મહેરબાની દર્શાવેલ છે.

- ૨ શમૂ ૨૩:૧ તેના જીવનના અંત ભાગમાં દાઉદ વિષે શું કહે છે તે શોધો.

ડહાપણભરી કહેવતો માટે **નીતિવચનો.**

નીતિવચનોમાંથી જ્ઞાની કહેવતો દાઉદરાજાના પુત્ર સુલેમાન રાજાએ અને બીજા જ્ઞાની માણસોએ લખેલ છે.

**નીતિ. ૫**માં મળે છે :-

- પરનારીની વાણી કેવી હોય છે ?(ક.૩-૪)
- તેના પગલાં ક્યાં દોરી જાય છે ? (ક.૫-૬)
- પતિઓએ કેમ પોતની પત્નીઓને વફાદાર રહેવું જોઈએ ? (ક.૧૫-૨૩)

જુવાનો માટે નીતિવચનોમાં ઘણું શિક્ષણ છે.

"મારા દીકરા, મારા શબ્દો પર લક્ષ આપ
મારી વાતો પર કાન ધર
તેઓને તારી આંખ આગળથી દૂર થવા ન દે
તેઓને તારા હૃદયમાં રાખ
તે જેઓને મળે છે તેઓને તે જીવનરૂપ છે
અને તેમના આખા શરીરને આરોગ્યરૂપ છે
પૂર્ણ ખંતથી તારા હૃદયની સંભાળ રાખ
કેમકે તેમાંથી જ જીવનનો ઉદય છે." નીતિ-૪:૨૦-૨૩



આળસુ કહે છે કે રસ્તામાં સિંહ છે. ગલીઓમાં સિંહ છે જેમ બારણું તેના મિજાગરા પર ફરે છે તેમ આળસુ પોતાના બિછાના પર આળોટે છે.



**નીતિ ૩૧:૧૦-૩૧**માં સુલક્ષણી સ્ત્રી અંગે કેટલીક બાબતો છે.

**સભાશિક્ષક** એટલે જેને બધું ખરાબ દેખાય છે તેવા વૃધ્ધ માણસની ફરિયાદો.

એક વડીલ લેખક- શક્યતઃ સુલેમાન, જીવનની વ્યર્થતા પોતાના પાછલા લાંબા અનુભવોને આશરે લખે છે. (સૂરજની નીચે) તેણે બધા મોજશોખ કર્યા પણ અંતમાં તેને માલૂમ પડ્યું કે બધું વ્યર્થ છે. (પવનમાં બાચકા ભરવા જેવું)



**૨. તમે અને તમારા સાથીદારો અઠવાડિયા દરમ્યાન જે પ્રવૃત્તઓ કરશો તેનું આયોજન કરો.**

મુલાકાત લઈને **માતાપિતા**ઓને નીતિ ૧૩:૨૪,૧૯:૧૮,૨૨:૬ અને ૨૩:૧૩ અમલમાં મૂકવાનું કહો.

**બાળકો**ને નીતિ ૧:૮-૯ માનવાનું કહો.

જે વિશ્વાસીઓ વિસ્તારપૂર્વક બાઈબલ અભ્યાસ કરવામાં આનંદ માને છે તેઓ અયૂબ, ગી.શા કે નીતિવચનને કાળજીપૂર્વક તપાસી જાય. જે કંઈ સહાયરૂપ બાબત તેમને મળી હોય તે પાછળથી તેમને કહેવા દો.

નવા શિખાઉ સેવકો કે જેમને તમે તાલિમ આપો છો જૂના કરારના આ કાવ્ય પુસ્તકોને લક્ષમાં લે માટે તેમને મદદ કરો.

દેવ ઉપર પ્રકાશ પાડતી હોય અથવા સ્તુતિરૂપે હોય તેવી ગીતશાસ્ત્રની કલમો પસંદ કરો. આ કલમો ભજનસેવા વખતે વાપરો.

**૩. પછીની ભજનસેવા વિષેનું આયોજન કરો.**

જૂના કરારના કાવ્યોની વિશિષ્ટ પધ્ધતિ અને સુંદરતા વિષે સમજણ આપો અને કેટલાક ઉદાહરણો વાંચો.

જુદા જુદા કાવ્યપુસ્તકોના મુખ્ય વિષયો પણ સમજાવો.

નીતિવચનોના પુસ્તકમાંથી કેટલાક વાકયસુત્રો સમજાવો.

જે **વિશ્વાસીઓ**ને આ કાવ્યપુસ્તકોમાંથી આશિર્વાદો પ્રાપ્ત થયા હોય તેમને તે વિષે કહેવા દો.

**બાળકો**એ જે તૈયારી કરી હોય તે તેમને રજુ કરવા દો.

**પ્રભુની મેજ**ની સેવા વખતે ગી.શા. ૧૩૩ વાંચો અને સમજાવો કે જ્યારે આપણે રોટલી ભાંગતી વખતે પ્રભુનું મરણ યાદ કરીએ છીએ ત્યારે આપણે વિશ્વાસીઓ વચ્ચેની ઊંડી એકતાનો અનુભવ કરીએ છીએ.

બે કે ત્રણના જૂથમાં એકબીજા માટે પ્રાર્થના કરો અને હેબ્રી કાવ્યોની મદદરૂપ કલમોના અભ્યાસ માટે પ્રભુ સહાય કરે તેવી પ્રાર્થના કરો.

ગી.શા. ૧૪૫ : ૧-૨ સાથે મળી **મુખપાઠ કરો.**

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net